દાખલ તારીખ :– ૧૮/૦૮/૨૦૨૦

રજી. લીધા તારીખ:–૧૮/૦૮/૨૦૨૦

નિકાલ તારીખ :– ૨૬/૦૮/૨૦૨૦

**સમયગાળો :– વર્ષ માસ દિવસ**

૦૦ ૦૦ ૦૮

**મે.ભચાઉ ના ૯ માં એડીશનલ સેસન્સ જજની કોર્ટમાં, મુ.ભચાઉ.**

**ફોજદારી પરચુરણ અરજી નંબર : ૨૧૫/૨૦૨૦**

**આંક :– ૭/બી**

**અરજદાર :** જયરાજસિંહ હેતુભા વાઘેલા,
ઉ.વ.૩૨, ધંધો–વેપાર,
રહે.દરબાર મહોલ્લો, પોલીસ સ્ટેશન વરસાણા,
અંજાર (કચ્છ).

**વિરૂધ્ધ.**

**સામાવાળા :** શ્રી સરકાર

**અરજદારના વિ.વ. એમ.એ.દેદા**

**સામાવાળાના વિ. વ. શ્રી ડી.બી.જોગી**

**બાબત :–**ક્રિ. પો. કોડ ની ક.૪૩૮ મુજબ આગોતરા જામીન અરજ

**–: ચુ કા દો :–**

(૧) અરજદારને ભચાઉ પોલીસ સ્ટેશન ગુના રજી.નં.૧૧૯૯૩૦૦૪૨૦૦૫૫૦/૨૦૨૦, ઈન્ડીયન પીનલ કોડની કલમ–૩૭૯, ૧૧૪ તથા માઈન્સ એન્ડ મીનરલ્સ એકટની કલમ–૪(૧), (૧–એ) તેમજ ૨૧ તથા ગુજરાત મીનરલ્સ (પ્રીવેન્શન ઓફ ઈલીગલ માઈનીંગ ટ્રાન્સપોર્ટેશન એન્ટ સ્ટોરજ) રૂલ્સ–૨૦૧૭ ના નીયમ–૦૩ તથા ૨૧ ના ભંગ મુજબના ગુનાના કામે પોલીસ અટક કરશે તેવી દહેશત લાગતા આરોપીએ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ – ૪૩૮ મુજબ આગોતરા જામીન પર જામીનમુકત કરવા હાલની અરજ ગુજારેલી છે જેની વિગત

ધ્યાને લીધી.

(૨) આ કામે અરજદાર તરફેના વિ.વકીલશ્રીની લંબાણપુર્વકની મૌખિક દલીલ સાંભળી તેઓની દલીલનો મુખ્ય સારાંશ એવો છે કે, અરજદાર કબજે કરેલ વાહનના માલીક છે. અરજદારે કોઈ ગુનો કરેલો નથી કે ગુનામાં સંડોવાયેલ નથી. પોલીસે જે ડ્રાઈવરોની ઘરપકડ કરેલી હતી તે ડ્રાઈવરને રેગ્યુલર જામીન પર જામીનમુકત કરવામાં આવેલ છે. આ કીસ્સામાં ખનીજ ની રકમ દર્શાવવામાં આવેલ છે તેમાં વાહનમાંથી કબજે થયેલ ખનીજની રકમ ગણવામાં આવે તો તે તદન નજીવી છે અને બાકીની રકમ સમાધાન માટેની પેનલ્ટીની રકમ છે. ગુનાની તપાસ પુરી થઈ ગયેલ છે. અરજદાર પાસેથી કોઈ વસ્તુ રીકવર કે ડીસ્કવર કરવાની રહેતી નથી. આ સિવાય માઈન્સ એન્ડ મીનરલ્સ એકટ પ્રમાણે પોલીસમાં ફરીયાદ થઈ શકે નહી પરંતુ કોર્ટમાં તેની ખાનગી ફરીયાદ કરવી પડે. અરજદાર વેપારી વર્ગના આબરૂદાર માણસ છે. અરજદાર નાસી કે ભાગી જાય તેમ નથી અને ટ્રાયલ સમય હાજર મળી આવે તેમ છે તેવા સંજોગોમાં શરતોને આધીન આગોતરા જામીન પર જામીનમુકત કરવા માટે દલીલ કરેલી છે તેવી દલીલ કરી પોતાની દલીલના સર્મથનમા ના. ગુજરાત હાઈકોર્ટના ફો.પ.અ.નં.૯૧૩૦/૨૦૦૯, અશોક ભંવરલાલ દોશી વિ. સ્ટેટ ઓફ ગુજરાત

(૩) આ કામે ફરીયાદપક્ષ તરફે વિધ્વાન સરકારી વકીલશ્રીની લંબાણપૂર્વકની મૌખિક દલીલ સાંભળી. તેઓની દલીલનો મુખ્ય સારાંશ એવો છે કે, આ કીસ્સામાં સ્થળ પરથી મુદામાલ ની સાથે વાહનો કબજે કરવામાં આવેલા છે અને ખનીજ સરકારી જમીનમાંથી ચોરી કરીને ભરવામાં આવેલ છે. હાલના અરજદાર લાંબા સમયથી નાસતા ફરતા ભાગેડુ હતા. આ ગુનો જે રીતે કરવામાં આવેલ છે તે જોતા ગુનાની આગળની તપાસ માટે અરજદારના કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશન માટે પોલીસને જરૂરીયાત છે તેવા સંજોગોમાં આગોતરા જામીન અરજ નામંજુર(રદ) કરવા દલીલ કરેલી છે.

(૪) આ કામે તપાસ કરનાર અમલદારનું સોગંદનામું ધ્યાને લીધુ તેમજ પોલીસ તપાસના

કાગળોની વિગતો ધ્યાને લીધી.

(૫) આ કામે એ બાબત ગંભીરતાપુર્વક નોંધવાપાત્ર છે કે, ચાંગ નદીમાંથી ગેરકાયદેસર રીતે લોડર અને ડમ્પર ધ્વારા રેતી ખનીજનું ગેરકાયદેસર રીતે ખનન કરી ચોરી કરવામાં આવતી હતી તે બાબત તમામ પક્ષકારોની રજુઆત ધ્યાને લેતા બીનતકરારી છે તેવુ સંજોગોને આધીન સ્પષ્ટ થાય છે.

આ કામે નદીમાંથી ગેરકાયદેસર રીતે રેતીનુ ખનન કરી મોટા પાયે ચોરી કરવામાં આવતી હોવાના આક્ષેપોવાળી સરકારશ્રીના ભુસ્તર શાસ્ત્ર વિભાગના અધીકારીએ ફરીયાદ કરેલ છે. આ ફરીયાદની બાબત ધ્યાને લેવામાં આવે તો અરજદાર તરફે કોઈ પણ જગ્યાએ એવો ખુલાસો નથી કે જે જગ્યાએ અરજદારની ગાડી ડ્રાઈવર સાથે રેતી ભરવા માટે જતી હતી તે જગ્યા માટે પાસ/ પરમીટ કે પરવાના આપવામાં આવેલા હોવાની તેઓએ ગાડી ભાડે આપનાર તરીક ગાડી ભાડે લેનારની સાથે ખાત્રી કરેલી હતી. આમ, આરોપીને પ્રથમથી જ આ રેતી ગેરકાયદેસર રીતે ભરવામાં આવે છે તેની સભાન અવસ્થામાં જાણ હોવા છતા ગાડી ભાડે આપી પોતાના ડ્રાઈવરને ગાડી આવી ગુનાહીત પ્રવૃતિ વાળી જગ્યાએ લઈ જવા માટે જણાવેલુ છે તેવુ મારૂ શુધ્ધબુધ્ધિપુર્વક મુજબનુ માનવુ છે.

(૬) આ કામે પોલીસ તપાસના કાગળોની વિગતો જોવામાં આવે તો પોલીસે હાલના આરોપીની ધરપકડ કરવા માટે વ્યાજબી તજવીજ કરેલી છે પરંતુ અરજદાર પોલીસને મળી આવેલા નથી. આવા સંજોગોમાં **<u>અરજદાર સ્થાનીક રહેવાસી હોવાછતાં તા.૨૮/૦૫/૨૦૨૦ ના રોજ ગુનો દાખલ થયો ત્યારથી ભાગેડુ રહયા છે</u>.** <u>જો ગાડી અરજદારની પરવાનગી સિવાય ડ્રાઈવર લઈને ગયેલા હોય તો પોતાની ગાડી પોતાની પાસે સાંજે પરત ન આવી તો પોલીસમા કોઈ ફરીયાદ કે અરજી કરેલી નથી જે વર્તણુક આરોપીની ગુનામા સીધી સંડોવણી સ્પષ્ટ કરે છે.</u> આમ, આરોપીની વર્તણુંક પ્રથમથી જ પોલીસની તપાસ અટકાવવા માટેની કે પોલીસને ગેરમાર્ગે દોરવા માટેની હોય તેવુ અત્રેની અદાલત શુધ્ધબુધ્ધીપુર્વક માને છે.

આ કામે પોલીસ તપાસના કાગળોની વિગતો ધ્યાને લેવામાં આવે તો, પોલીસે અગાઉ પકડાયેલા આરોપીઓ સામે જે ગુનાનુ ચાર્જશીટ કરેલુ છે તેમા **હાલના આરોપીને ભાગેડુ દર્શાવવામા આવેલા છે. તેવા વિશીષ્ટ સંજોગોમા ગુનાની તપાસ નાજુક તબકકામાં હાલના આરોપી માટે અટકેલી છે અને આગળની તપાસ થતા આ પ્રકારની ખનીજ ચોરીમા સંડોવાયેલા અને આર્થિક મદદ કરનાર વ્યકિતઓની હકીકત જાહેર થાય તેમ છે કારણ કે વાહન પ્રથમ વખત ખનીજ/રેતી ભરવા કે હેરફેર માટે ગયેલુ હોય તેવુ જણાઈ આવતુ નથી**.

આ કામે જે કબજે કરેલા વાહનો છે તેના માલીકોએ આ વાહનો કઈ વ્યકિતને કયારે કયારે ભાડે આપેલા છે તેની વિગત જાહેર કરેલી નથી તેવા સંજોગોમા તે મુદ્દા ઉપરની તપાસ બાકી છે. આ સિવાય આ માલીકોએ અગાઉ ભુતકાળમાં કયારેય પણ ખનીજની હેરફેર માટે પોતાનુ વાહન ભાડે કોને આપેલુ અને કેટલો સમય ખનીજની હેરફેરમાં વપરાયેલ તે ઉપરના મુદાની તપાસ પણ બાકી છે. અત્રેની કોર્ટ ઉપરની ચર્ચા અને સંજોગો જોતા, વાહનોના માલીકોની આ ગુનામાં સીધી સંડોવણી હોય તેવુ જણાય છે. વધુમાં આ સમગ્ર ગુનાને અંજામ આપનાર મુખ્ય વ્યકિતની તપાસના કામે ધરપકડ કરવાની બાકી છે. આવા સંજોગોમાં આ સમગ્ર ગુનામાં ડ્રાઈવરની સાથે વાહન માલીકો અને અન્ય ખનીજ માફીયાઓ સંડોવાયેલા છે અને તે તમામની તપાસ ચાલુ છે તેવા સંજોગોમાં હાલના અરજદાર સ્થાનીક રહેવાસી હોવા છતા લાંબા સમયથી ભાગેડુ રહેલા છે તેથી જો અરજદારને આગોતરા જામીન પર જામીનમુકત કરવામાં આવે તો તપાસ સદંતર અટકી પડે અથવા અધુરી રહે તેવુ સ્પષ્ટ જણાય છે.

**વધુમાં ભારત દેશમાં જે સ્થળો ભુકંપ માટે ગંભીર ગણવામાં આવે છે તેમાં ભચાઉનો પ્રાદેશીક વિસ્તાર આ ગંભીર વિસ્તારમાં આવી જાય છે. ભચાઉ અને રાપર વિસ્તારમાં રોજબરોજ નાના મોટા ભુકંપના ઝટકા આવતા રહેતા હોય છે અને હાલમાં ભુકંપના મોટા ઝટકા નજીકના દીવસોમાં આવી ગયેલા છે**. ભુકંપના કારણે ભુતકાળમાં ભચાઉ શહેર અને તેની આજુબાજુના કેટલાક ગામોમાં ભયંકર નુકસાન થયેલુ છે અને ઘણા બધા માણસો તેમાં મૃત્યુ પામેલા છે. જયારે કોઈ પણ જગ્યાએ ખનીજ કે રેતી કાઢવાની હોય ત્યારે ભુસ્તરશાસ્ત્ર વિભાગના અધિકારીઓ દ્વારા વૈજ્ઞાનીક પધ્ધતિથી જરૂરી ગણતરી કર્યા

બાદ કેટલુ ખનીજ કાઢી શકાય અને ચોકકસ કઈ દીશામાંથી કાઢી શકાય તેની ગણતરી કરીને પરવાનગીઓ આપવામાં આવતી હોય છે અને તેના કારણે ભુસ્તરીય સંતુલન જળવાઈ રહેતુ હોય છે.

જયારે ગેરકાયદેસર ખનીજ માફીયાઓ ધ્વારા રેતી અને ખનીજનુ ગેરકાયદેસર ખનન કરવામાં આવતુ હોય છે ત્યારે આવા સંતુલનની ગણતરી રહેતી નથી અને તેના કારણે ભુસ્તરમાં આંતરીક સંતુલન ખોરવાઈ જાય છે જેના કારણે ઘણી વખત નદીમાં ભુર્ગભ જળનો પ્રવાહ તેની દીશા બદલી નાખે છે જેના કારણે પ્રવાહ બદલાઈ જવાથી ઘણા બધા ગામોમાં જળસ્તર નીચે જતુ રહે છે અને જમીનની ફળદ્રુપતા જતી રહે છે. તેવી જ રીતે ઘણીવખત જમીનમાં આ સંતુલન ખોરવાના કારણે ભુકંપ જેવી ગંભીર હોનારત પણ થઈ જતી હોય છે તેવુ ઘ્યાને લઈ શકાય. આવા સંજોગોમાં આરોપીનુ આ પ્રકારનુ કૃત્ય લાખો માણસોનુ જીવનને સીઘી રીતે અસરકર્તા હોય તેવુ ગંભીર કૃત્ય છે અને આવા ગંભીર કૃત્યના કારણે લાખો માણસોના જીવનનું જોખમ ઉભુ થતુ હોય છે. **કારણ કે વાહન કે વસ્તુની ચોરી એક વ્યકિત કે એક પરીવારને અસર કરે છે પરંતુ ગેરકાયદેસર ખનીજ ખનન ના કારણે ભુકંપ જેવી હોનારત થાય તો લાખો લોકો ને અસર થાય તે બાબતથી ઘ્યાન હટાવી શકાય નહી**. આવા સંજોગોમાં **ભચાઉ અને તેની આજુબાજુનો વિસ્તાર કે જયાં મોટા ભુકંપના આચંકાઓની સંભાવના અત્યંત વધારે છે અને રોજ બરોજ ભુકંપના ઝટકાઓ આવતા રહે છે** અને ભુતકાળમાં ભચાઉ શહેર અને તેની આજુબાજુના કેટલાક ગામો નામશેષ થઈ જાય તેવી સ્થિતીમાં ભુકંપના કારણે નાશ પામી ગયેલા હતા તેવી તારાજીને પણ ઘ્યાને લેવી જોઈએ તેવુ મારૂ શુઘ્ઘબુઘ્ઘીપુર્વકનુ માનવુ છે.

આ કામે અરજદાર તરફે રજુ કરવામાં આવેલા ચુકાદાઓના માર્ગદર્શક સિઘ્ઘાંતો ઘ્યાને લીઘા પરંતુ આ કેસમાં પોતાના આગવા અલગ વિશીષ્ટ સંજોગો છે અને તપાસ અત્યંત નાજુક એવા તબકકામાં છે કે જેમાં આરોપીના કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશન સિવાય સમગ્ર તપાસ અઘુરી રહે છે અને મુળ ફરીયાદી ન્યાયથી વંચીત રહી જાય તેવુ જણાય છે. આ કીસ્સામાં કઈ વ્યકિતએ વાહન ભાડે લીઘેલ છે, આ પ્રવૃતિ કેટલા સમયથી ચાલતી હતી તેમજ આ ખનીજનો ઉપયોગ કઈ કંપનીમાં અથવા કોઈ ચોકકસ બાંઘકામની જગ્યાએ કે બીજી કોઈ સંસ્થામાં લેવામાં

આવેલો છે તે રીતના મુદ્દાઓની તપાસ થવી જરૂરી છે.

(૭) અત્રેની કોર્ટ ધ્વારા આ પ્રકારના કેસો આ વિસ્તારમા કેવા અને કેટલા છે તે બાબતે કેટલાક પાસાઓનુ મુલ્યાકંન કરેલુ છે તેમાં સને ૨૦૧૯ ના વર્ષમાં અને સને ૨૦૨૦ ના વર્ષમાં નીચે મુજબના કેસો ની માહીતી આ પ્રકારના કેસો માટે જાહેર થયેલી છે.

| **પોલીસ સ્ટે./ ગુના નં. કલમ** | **કુલ મુદામાલ** | **આરોપીઓ ની સંખ્યા** |
|---|---|---|
| ભચાઉ પો.સ્ટે. ફ.ગુ.નં.૧૧૪/૨૦૧૯,ઈ. પી. કો. કલમ – ૩૭૯, ૧૧૪ તથા ધી માઈન્સ એન્ડ મીનરલ્સ એકટ ૧૯૫૭ ની કલમ–૪(૧),૪(૧)એ, ૨૧ તથા ગુજરાત ખનીજ નિયમો– ૨૦૦૫,૨૦૧૬,૨૦૧૭ ની કલમ–૩ તથા ૨૧ તેમજ રૂલ્સ–૨૨ શિડયુલ્ડ–૩(III) | Rs.6,46,278/- | ૪(ચાર) |
| ભચાઉ પો.સ્ટે.ગુ.નં.૧૧૯૯૩૦૪૨૦૦૫૫૦, ઈ. પી. કો. કલમ – ૩૭૯, ૧૧૪ તથા ધી માઈન્સ એન્ડ મીનરલ્સ એકટ ૧૯૭૫ ની કલમ–૪(૧),૪(૧)એ, ૨૧ તથા ગુજરાત મીનરલ્સ રૂલ્સ– ૨૦૧૭ ના નિયમ–૦૩. <u>(હાલનો ગુનો)</u> | Rs.25,76,472/- | ૧૦(દસ) |
| સામખીયાળી પો.સ્ટે.ફ.ગુ.નં.૫૭/૧૯, ઈ.પી.કો. કલમ– ૪૬૫, ૪૬૮,૪૭૧તથા ધી માઈન્સ એન્ડ મીનરલ્સ એકટ ૧૯૫૭ ની કલમ–૪(૧),૪(૧)એ, ૨૧ તથા ગુજરાત મીનરલ્સ રૂલ્સ–૨૦૧૭ ના નિયમ–૦૩ તથા ૨૧ | Rs.1,52,65,988 | પકડાયેલ આરોપી –૨(બે). નાસતા ફરતા–૦૧ |
| આડેસર પો.સ્ટે.ફ.ગુ.નં.૪૬/૧૯, ઈ.પી. કો. કલમ– ૩૭૯ ,૧૧૪ તથા ધી માઈન્સ એન્ડ મીનરલ્સ | Rs.1,26,15,926/- | ૦૫(પાંચ) |

| | | |
|---|---|---|
| એકટ ૧૯૫૭ ની કલમ – ૪(૧), ૪(૧)એ તથા ગુજરાત મીનરલ્સ રૂલ્સ–૨૦૧૭ ના નિયમ–૦૩ તથા ૨૧ | | |
| રાપર પો.સ્ટે.ગુ.નં.૧૧૯૯૩૦૧૦૨૦૦૫૯૬ /૨૦૨૦, ઈ.પી.કો. કલમ–૪૨૭, ૧૧૪ તથા ધી માઈન્સ એન્ડ મીનરલ્સ એકટ ૧૯૫૭ ની કલમ–૪(૧),૪(૧)એ, ૨૧ (એ) તથા ગુજરાત મીનરલ્સ રૂલ્સ – ૨૦૧૭ ના નિયમ–૦૩ તથા ૨૧ | Rs.1,23,39,901/- | ૦૩(ત્રણ) |
| બાલાસર પો.સ્ટે.ફ.ગુ.નં.૧૬/૨૦૧૯, ઈ.પી. કો. કલમ–૩૭૯ તથા ગુજરાત મીનરલ્સ પ્રીવેન્શન ઓફ ઈલીગલ માઈનીંગ ટ્રાન્સપોર્ટેશન એન્ડ સ્ટોરેજ રૂલ્સ–૨૦૧૭ ના નિયમ–૦૩ તથા ૨૧ | Rs.95,78,469/- | અજાણ્યા ઈસમો |
| બાલાસર પો.સ્ટે.ગુ.નં.૧૧૯૯૩૦૧૫૨૦૦૦૯૯/ ૨૦૨૦, ઈ.પી. કો. કલમ– ૩૭૯,૧૧૪ તથા ધી માઈન્સ એન્ડ મીનરલ્સ એકટ ૧૯૫૭ ની કલમ–૪(૧),૪(૧)એ, ૨૧ તથા ગુજરાત મીનરલ્સ રૂલ્સ–૨૦૦૫, ૨૦૧૬, ૨૦૧૭ ના નિયમ–૦૩ | Rs.9580132/- | ૧૪(ચૌદ) |

**આવા સંજોગોમા રોયલટીની રકમ નજીવી છે તેવી રજુઆત કરવામા આવેલી છે પરંતુ અદાલતે ગુના કેવો છે અને કઈ વ્યકિતએ કયા હેતુથી અને કેવા સંજોગોમા કરેલો છે અને તેની અસર કોઈ એક વ્યકિત કે સમાજના મોટા વર્ગને અસર થાય છે કે થવાની સંભાવના છે તે રીતની પણ હકીકત વિવેક બુધ્ધિની સતા વાપરતી વખતે ધ્યાને લેવી જોઈએ તેવુ મારૂ શુધ્ધ બુધ્ધિપુર્વકનુ માનવુ છે.**

(૮) આ કામે રજુ કરવામા આવેલા ચુકાદાના માર્ગદર્શક સિધ્ધાંતને ધ્યાને લીધો પરંતુ આ કેસના સંજોગો અલગ છે અને આરોપીનો ગુના રોલ અલગ અને વધારે સક્રિય છે. આવા સંજોગોમાં આ તમામ બાબતોને ધ્યાને લેતા, હાલમાં કેસના સંજોગો અલગ પડે છે અને હાલના

આરોપીનો રોલ અગાઉ જામીનમુકત કરવામાં આવેલા ડ્રાઈવર કરતા વધારે છે. કારણ કે અરજદારના આદેશ અનુસાર ડ્રાઈવર ગાડી લઈને માલ ભરવા માટે જતા હોય છે તેવા સંજોગોમાં ગુનામાં સક્રીય રોલ અગાઉ જામીનમુકત થયેલા ડ્રાઈવર કરતા અરજદારનો વધુ હોવાથી લો ઓફ પેરીટીનો લાભ આપવા માટેનુ વ્યાજબી મુનાસીબ કારણ મને જણાતુ નથી. આવા સંજોગોમાં તમામ બાબતોનુ મુલ્યાંકન કરતા ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૮ મુજબની વિવેકબુધ્ધીની સતા આરોપીની તરફેણમાં વાપરવા માટેનુ વ્યાજબી, ઉચીત, મુનાસીબ કારણ મને જણાતુ નથી તેથી નીચે મુજબનો હુકમ ફરમાવુ છું.

**:: હુકમ ::**

આથી, આરોપીની હાલની આગોતરા જામીન અરજ ''**નામંજુર (૨૬)**'' કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૨૬ મી, માહે–ઓગષ્ટ, સને ૨૦૨૦ ના દિવસે વાંચી સંભળાવી, મારી સહી કરી, જાહેર કર્યો.

તા.૨૬/૦૮/૨૦૨૦

સ્થળ : ભચાઉ–કચ્છ

(એમ.એફ.ખત્રી)
૯ માં એડીશનલ સેસન્સ જજ,
ભચાઉ–જી.કચ્છ
જીજે૦૦૬૯૧